અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ/ ટ્રેઈની પાયલોટની તાલીમ માટે નાણાકીય સહાય આપવા બાબત.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ.રા., ગાંધીનગર
0 APR
८०६

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦૨૦૧૫/૬૦૯૬૧૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૫/03/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૯/૧૦/૨૦૧૬ અને તા.03/૦૧/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબ્લ્યુ/૧૦૨૦૧૫/૬૦૯૬૧૪/ગ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/03/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૯૭/ન.બા-૫/અ

(3) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૧૨/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૨૧/૫૩૬૩૯૦/અ-૧

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવોથી અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ / ટ્રેઈની પાયલોટની તાલીમ માટે નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળની સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેની કોમર્શીયલ પાયલોટ લાયસન્સ તાલીમ માટે લોન આપવાની સમાન પ્રકારની યોજના અમલમાં છે. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક : (3) પરના ઠરાવથી "લાભાર્થીએ બે (૨) જામીનના બદલે એક સધ્ધર જામીન રજૂ કરવાની" જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. વિભાગની સમાન પ્રકારની યોજનામાં એકસુત્રતા જળવાય તે હેતુથી અનુસૂચિત જાતિ માટેની સમાન પ્રકારની યોજનામાં પણ બે (૨) જામીનના બદલે એક સધ્ધર જામીન રાખવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા.૧૯/૧૦/૨૦૧૬ના ઠરાવની શરત નં : (૧૮) " લાભાર્થીએ બે યોગ્ય જામીન રજૂ કરવાના રહેશે." ને બદલે " એક સધ્ધર જામીન રજૂ કરવાના રહેશે" તે મુજબ વંચાણે લેવાની રહેશે.

આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા)((સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર.
- નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ નાયબ નિયામકશ્રીની કચેરી, તમામ જિલ્લા (મારફત નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ.